વિકલાંગ (દિવ્યાંગ) કલ્યાણની યોજનાઓમાં
આવકમર્યાદા દૂર કરવા તથા સહાયની
રકમમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૬/૩૦૯૧૪૨/છ-૧,
તારીખ: ૨૧/૦૫/૨૦૧૬.

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો ઠરાવ ક્રમાંકઃ- ઇડીબી-૧૦૬૯-૨૧૫૬૦-છ, તા.૧૦.૪.૧૯૭૦.
(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અપગ-૧૦૨૦૧૨-૫૯૪૪૩૩-છ.૧, તા.૧.૩.૨૦૧૩.
(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૨૦૧૪-૪૩૮-અ.૧, તા.૭.૮.૨૦૧૪.
(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અપગ-૧૦૨૦૧૩-૮૦૩૯૬૦-નબા-૮-છ.૧, તા.૩૧.૭.૨૦૧૪.
(૫) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અપગ-૧૦૨૦૧૩-૮૦૩૯૬૦-નબા-૮-છ.૧, તા.૨૬.૮.૨૦૧૫.
(૬) આ વિભાગનો તા.૧૮/૪/૨૦૧૬નો ઠરાવ ક્ર.- અપગ/૧૦૨૦૧૬/૮૬૦૬૧૫/ન.બા.-૩/છ-૧ .
(૭) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીનો તા.૧૮/૫/૨૦૧૬ના પત્ર ક્ર.-અપગ/આવક મર્યાદા/૧૬-૧૭/૧૨૦.

ઠરાવ :-

રાજ્ય સરકાર દ્વારા અપંગ વ્યક્તિઓ (દિવ્યાંગ) માટેની નીચે જણાવેલ યોજનાઓના ધારાધોરણોમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે જણાવેલ ત્રણ યોજનાઓના ધારાધોરણમાં નીચે જણાવ્યા મુજબ ફેરફાર કરવામાં આવે છે :-

૧. વિકલાંગ સાધન સહાય યોજના
૨. વિકલાંગથી વિકલાંગ અને સામાન્ય વ્યકિતથી વિકલાંગ લગ્ન સહાય યોજના
૩. પોલિયોના દર્દીઓ માટે શસ્ત્રક્રિયા અને તે પછીના કાર્યક્રમની યોજના

(૧) વિકલાંગ સાધન સહાય યોજના, વિકલાંગથી વિકલાંગ અને સામાન્ય વ્યકિતથી વિકલાંગ લગ્ન સહાય યોજના તથા પોલિયોના દર્દીઓ માટે શસ્ત્રક્રિયા અને તે પછીના કાર્યક્રમની યોજના એમ ઉપરોક્ત ત્રણેય યોજનાઓમાં હાલની આવકમર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ.૬૮,૦૦૦/- છે તે નાબુદ કરવામાં આવે છે.

(૨) વિકલાંગ સાધન સહાય યોજનામાં ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૬) સામેના આ વિભાગના તા.૧૮/૪/૨૦૧૬ના ઠરાવથી સહાયની રકમ રૂ.૬,૦૦૦/- થી વધારીને રૂ.૧૦,૦૦૦/- કરવામાં આવેલ છે તેમજ વય મર્યાદા ૧૬ થી ૬૦ વર્ષની વયની કરવામાં આવેલ, જેમાં વય મર્યાદા બાબતે સુધારો કરી, તમામ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને તેમની વિકલાંગતામાં રાહત થાય તે હેતુથી અથવા પુનઃસ્થાપનના હેતુથી સાધન સહાય આપવામાં આવે છે તેમાં વયમર્યાદાની જોગવાઇ દૂર કરવામાં આવે છે.

(૩) વિકલાંગથી વિકલાંગ અને વિકલાંગથી સામાન્ય વ્યકિતઓને લગ્ન માટે આર્થિક સહાય યોજના હેઠળ વિકલાંગથી વિકલાંગ વ્યકિત પરસ્પર એક બીજા સાથે લગ્ન કરે ત્યારે યુગલ પૈકી એક વ્યકિતને રૂ.૨૦,૦૦૦/- ની આર્થિક સહાય આપવામાં આવે છે, તેમાં સુધારો કરીને હવે યુગલ દીઠ બન્ને વ્યકિતને સહાય મળવાપાત્ર થશે તેમજ સહાયની રકમ રૂ.૨૦,૦૦૦/- થી વધારી રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) કરવામાં આવે છે. યુગલની બન્ને વ્યકિતને રૂ.૫૦,૦૦૦/- + રૂ.૫૦,૦૦૦/- સહાય મળવાપાત્ર થશે. તેમજ વિકલાંગથી સામાન્ય વ્યકિત એક બીજા સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં વિકલાંગ વ્યકિતને રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) મળવાપાત્ર થશે.

(૪) પોલિયોના દર્દીઓ માટે શસ્ત્રક્રિયા અને તે પછીના કાર્યક્રમની યોજનામાં સહાયની રકમ ઓપરેશન તથા દવા ખર્ચ મળી રૂ.૨,૦૦૦/- તથા કેલીપર્સના રૂ.૧,૫૦૦/- મળી કુલ રૂ.૩,૫૦૦/-ની મર્યાદામાં સહાય કરવાની જોગવાઈ હતી, હવે તેમાં સહાયની રકમમાં વધારો કરી ઓપરેશન તથા દવા ખર્ચ મળી રૂ.૭,૦૦૦/- તથા કેલીપર્સના રૂ.૩,૦૦૦/- મળી કુલ રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પૂરા) કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. જી. ભાભોર)
સંયુક્ત સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર.

- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર.
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, બ્લોક નં.-૧, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો...તેમની નીચેના ખાતાના વડાઓની કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. ...બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.
- માહિતી કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. ...બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.
- સર્વે કલેક્ટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઑડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની સર્વે શાખાઓ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય...તરફ વિભાગની વેબસાઈટમાં છ-૧/શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઈલ.